જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૯/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૧૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૯૩૫	૧૧૬	૭૦૦૫૧	૭૦૮૮૫	૧૧૪	૭૦૯૯૯
કુલ		૮૬૪૧૨	૧૧૬	૮૬૫૨૮	૯૫૨૭૫	૧૧૪	૯૫૩૮૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૭	૪,૬૪,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬૦	૯,૬૦,૦૦૦/-

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૭૧ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૧૭/૨૦૨૧**

એલીસબ્રીજઃ નલીનભાઇ મુળજીભાઇ સોલંકી (રહે. સૌરાષ્ટ્ર સોસાયટી હીરાબાગ ક્રોસીંગ પાછળ આંબાવાડી) એ તા.૦૩/૦૯/૨૦૨૧ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૧ રાતના ૮/૧૫ થી તા.૦૩/૦૯/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન રૂદ્ર કોમ્પ્લેક્ષ આંબાવાડી બજાર ખાતે ઇરોઝ સ્ટેશનર્સ નામની દુકાનનુ શટર ઉંચુ કરી કાચના દરવાજાનુ લોક તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સી.સી.ટી.વી કેમેરાનુ ડી.વી.આર કિમત રૂપિયા ૧૫૦૦/- અને કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

ત્યજી દીધેલ બાળક મળી આવવા બાબતઃ- **સમાચાર યાદી નં.૧૬૧૮/૨૦૨૧**

કાગડાપીઠઃ તા.૦૩/૦૯/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે રાયપુર દરવાજા બહાર આવેલ મહિપતરામ રૂપરામ આશ્રમના પારણામાં ત્રણ મહીના પહેલા જન્મેલ જીવીત બાળક ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૬૧૯/૨૦૨૧**

ઈસનપુરઃ મુકેશ શિવાભાઈ પરમાર (ઉ.વ.૩૫) (રહે.ખોડીયારનગર બહેરામપુરા) તા.૦૩/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આવકારથી ઘોડાસર ચાલી જવાના રોડ પર કેનાલ પાસે ગીલકૃપા સોસાયટી અંદર ખાડામાં ગ્રાઈંડર મશીનથી ખોદકામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૬૨૦/૨૦૨૧**

રિવરફ્રંટ ઈસ્ટઃ નીશાબહેન ડો/ઓ કીરીટભાઇ દાંતણીયા (ઉ.વ.૨૨) (રહે. લીમડીવાળો ખાચો આર.સી.હાઇસ્કુલ સામે નાગોરીવાડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા માસ્તર કોલોની પાછળ રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ મફતાજી ચલાવે છે.

શહેરકોટડાઃ કમલેશકુમાર કનુભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. અનિલ વકીલની ચાલી મેમ્કો લાઇન નંબર-૧ પ્રેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રિતેશકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

વટવાઃ યોગીતાબહેન વા/ઓ તેજશ વાઘેલા (ઉ.વ.૨૬) (રહે. મીનાપાર્ક સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ સામે ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જે" વિભાગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી